આકાશવાણી ભુજ

સમાચાર વાચક : કલ્પના શાહ

ડીઇઓ : પ્રદીપ ચાવડા

તારીખ : **22-03-2024** સમય : સવારે **6.50** વાગ્યે

---

## સર્વોચ્ચ અદાલત-મનાઇ હુકમ

સર્વોચ્ચ અદાલતે મુખ્ય ચૂંટણી કમિશ્નર અને ચૂંટણી કમિશ્નરોની નિમણૂંકને લગતાં નવા કાયદા સામે મનાઇ હુકમ ફરમાવવાનો ઇનકાર કર્યો છે. ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના અને દિપાંકર દત્તાની બનેલી પીઠે મુખ્ય ચૂંટણી કમિશ્નર અને ચૂંટણી કમિશ્નરોની નિમણૂંકને લગતાં નવા કાયદાને પડકારતી અરજીઓની સુનાવણી બાદ આવો ચૂકાદો આપ્યો છે. અદાલતના ન્યાયમૂર્તિએ એવું પણ અવલોકન કર્યું છે કે, લોકસભાની ચૂંટણી પ્રક્રિયા શરૂ થઇ હોવાથી આ તબક્કે સંબંધિત કાયદા સામે મનાઇ હુકમ આપી શકાય નહીં

અદાલતે એવું પણ અવલોકન કર્યું છે કે, નવા નિમણૂંક પામેલા ચૂંટણી કમિશ્નરો જ્ઞાનેશકુમાર અને સુખબિરસિંહ સંધુ સામે કોઇપણ પ્રકારના આક્ષેપ થયા નથી.

RNU અમદાવાદ

-------------------------------------------------------------------

## વિવિધ 12 જેટલી સેવાઓને આવશ્યક સેવાઓ જાહેર કરાઇ

લોકસભાની ચૂંટણીને ધ્યાને લઇ ભારતીય ચૂંટણીપંચે આકાશવાણી, દૂરદર્શન, ચૂંટણીના દિવસે કવરેજ માટે ચૂંટણીપંચ દ્વારા અધિકૃત કરાયેલા મિડિયા કર્મીઓ સહિત બીએસએનએલ, રેલવે અને વીજળી વિભાગ સહિત વિવિધ 12 જેટલી સેવાઓને આવશ્યક સેવાઓ જાહેર કરવામાં આવી છે.

આવશ્યક સેવાકર્મીઓને લોકસભાની ચૂંટણી માટે પોસ્ટલ બેલેટ દ્વારા મતદાનની સુવિધા આપવામાં આવશે. જો કે, આવશ્યક સેવા કર્મીઓએ જરૂરી વિગતો આપીને ફોર્મ-12 ડી માં ચૂંટણી અધિકારીને અરજી કરવાની રહેશે. પોસ્ટલ બેલેટની સુવિધા માંગતી આવી અરજી, ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી પાંચ દિવસમાં ચૂંટણી અધિકારી સુધી પહોંચાડવું જોઇશે.

**RNU અમદાવાદ**

-------------------------------------------------------------------

## વોટ્સએપ પર વિકસિત ભારતનો સંદેશને રોકવા આદેશ

કેન્દ્રીય ચૂંટણીપંચે વિકસિત ભારત અંગેના વોટ્સએપ ઉપર અપાતા સંદેશને તત્કાળ રોકવા કેન્દ્રીય માહિતી ટેક્નોલોજી મંત્રાલયને નિર્દેશ આપ્યો છે. ચૂંટણીપંચના સૂત્રોના જણાવ્યા મુજબ, લોકસભાની

સામાન્ય ચૂંટણીની જાહેરાત થઇ હોવા છતાં નાગરિકોના વોટ્સએપ ઉપર વિકસિત ભારત અંગેના સંદેશ મળી રહ્યા હોવાની ફરિયાદો ચૂંટણી પંચને મળી છે.

**RNU અમદાવાદ**

---

## કોંગ્રેસે વધુ 11 ઉમેદવારોના નામ જાહેર

લોકસભા ચૂંટણી માટે કોંગ્રેસે ગુજરાતમાંથી વધુ 11 ઉમેદવારોનાં નામો જાહેર કર્યાં છે અગાઉ  કચ્છ સહિત 7 ઉમેદવારોનાં નામ જાહેર કરાયા હતા. બીજા તબક્કાના 11 ઉમેદવારોમાં ગાંધીનગરની પ્રતિષ્ઠાની બેઠક પર કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહ સામે સોનલ પટેલને મેદાનમાં ઉતારાયા છે. અન્ય મહત્વના ઉમેદવારોમાં આણંદ ની બેઠક પર અમિત ચાવડા સાબરકાંઠામાં પૂર્વ કેન્દ્રીયમંત્રી તુષાર ચૌધરી અને સુરતની બેઠક પરથી નિલેશ કુંભાની ચૂંટણી લડશે.

ચંદ્રવદન પદ્દણી

---

## ગુજકેટ પરીક્ષા

ગુજકેટ પરીક્ષા 2024ની હોલટીકીટ આજથી શિક્ષણબોર્ડની વેબસાઇટ પરથી ડાઉનલોડ કરી શકાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આગામી 31 માર્ચે ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ એટલે કે, ગુજકેટની પરીક્ષા યોજાનાર છે. જે માટેની હોલટીકીટ આજથી શિક્ષણબોર્ડની વેબસાઇટ પર ઓનલાઇન મૂકવામાં આવી છે. વિદ્યાર્થીઓએ હોલટીકીટ માટે www.gseb.org પરથી ડાઉનલોડ કરી મેળવી લેવાની રહેશે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## ક્રિકેટ

ભારતીય ક્રિકેટ ક્ષેત્રે મહત્વની  એવી ઇન્ડિયન પ્રીમિયર લીગ આઇપીએલની 17 માં વર્ષની ટુર્નામેન્ટનો આજથી આરંભ થાય છે આજે પ્રથમ મેચનો આરંભ ગત વર્ષની વિજેતા ચેનાઈ સુપરકિંગ અને રનસઅપ  રોયલ  ચેલેન્જર બેંગાલુરુંની ટીમો વચ્ચે ચેનાઇનાં એમએ ચિદમ્બરમ્ સ્ટેડિયમ ચેપોક ખાતે શરૂ થશે. બે તબક્કામાં યોજાઈ રહેલી સ્પર્ધામાં 10 ટીમો વચ્ચે 66 દિવસમાં 74 મેચ રમાશે લોકસભા ચૂંટણીને કારણે હાલે માત્ર  21 મેચનું સમય પત્રક જાહેર થયું છે જે 7 મી એપ્રીલ સુધી યોજાશે.

**ચંદ્રવદન પટ્ટણી**

---------------------------------------------------------------------

## ચૂંટણીપંચે નોનકેડર અધિકારીઓની બદલીના આદેશ આપ્યા

ચૂંટણી પંચે ગુજરાત, પંજાબ, ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં જિલ્લા મેજીસ્ટ્રેટ અને પોલીસ સુપ્રિટેન્ડન્ટ તરીકે નિમાયેલા નોન-કેડર અધિકારીઓના બદલીના આદેશ આપ્યા છે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારની અધ્યક્ષતામાં ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને સુખબીર સિંહ સંધુની યોજાયેલી બેઠક બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. ઉપરાંત, ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથેના પારિવારિક સંબંધોને ધ્યાનમાં રાખીને, ચૂંટણી પંચે ભટિંડા, પંજાબના વરિષ્ઠ પોલીસ અધિક્ષક અને આસામના સોનીતપુરના પોલીસ અધિક્ષકની બદલી અંગે પણ નિર્દેશ આપ્યા છે.

**RNU અમદાવાદ**

---

## આજે મોસમ વિજ્ઞાન દિવસ

આજે વિશ્વ મોસમ વિજ્ઞાન દિવસ છે. આ દિવસ નિમિત્તે ભુજની નવી રાવલવાડી રિલોકશેન સાઇડ સ્થિત હવામાન કચેરી સવારે 10થી સાંજે 6 વાગ્યા સુધી જાહેર જનતા માટે ખુલ્લુ રહેશે. તથા બપોરે 3 વાગ્યાથી ધોરણ 6થી 12ના વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરાયું છે. પર્યવારણ સંરક્ષણના વિષય સાથે યોજાનારી આ સ્પર્ધામાં ભાગ લેવા ઇચ્છુક વિદ્યાર્થીએ ડ્રોઇંગ પેપર અને કલર પોતાના ઘરેથી લાવવાના રહેશે.

**પરેશ મારૂ**

---